**Media Release**

# ઈડીઆઈઆઈએ ટેક ઇનોવેશન્સ પરની તેની વાર્ષિક સ્ટાર્ટઅપ સમિટ એમ્પ્રેસારિયો 2024નો પ્રારંભ કર્યો

**અમદાવાદ, 7 માર્ચ, 2024** – આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ તેની વાર્ષિક સ્ટાર્ટઅપ સમિટ અને આંત્રપ્રિન્યોરશિપ ફેસ્ટિવલ એમ્પ્રેસારિયો 2024નો ગુરૂવારે પ્રારંભ કર્યો હતો. ગુજરાત સરકારના ઉચ્ચ શિક્ષણ કમિશ્નર કચેરીના ટેક્નિકલ એજ્યુકેશનના કમિશનર આઈએએસ શ્રી બંછા નિધિ પાણીએ આ ઇવેન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રસંગે ચિરિપાલ ગ્રુપના ડિરેક્ટર શ્રી વિશાલ ચિરિપાલ અને ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લા સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બે દિવસના ફેસ્ટિવલ (7-8 માર્ચ, 2024)માં ઉદ્યોગ અગ્રણીઓ દ્વારા માસ્ટર ક્લાસીસ, સફળ સ્ટાર્ટઅપ સ્થાપકો દ્વારા વાર્તાલાપ, વર્કશોપ, ચર્ચાઓ, નેટવર્કિંગ સેશન્સ અને સ્ટાર્ટઅપ એવોર્ડ્સનો સમાવેશ થાય છે. આ સમિટમાં એગ્રીટેક અને હેલ્થટેક અંગેની પેનલ ડિસ્કશન્સ પણ સમાવિષ્ટ છે. બોટમ લાઇન સ્પ્રે, માઈઓશા, વીહિયર, સિમ્પલી સલાડ અને ટોર્ચ ઇટ જેવા શાર્ક ટેંકમાં ભાગ લેનાર સ્ટાર્ટઅપ્સના સ્પેશિયલ રાઉન્ડ ટેબલ પણ આ સમિટના ભાગરૂપે યોજાશે. એક બિગ પિચ ઇવેન્ટ યોજાશે જેમાં 75 સ્ટાર્ટઅપ્સ ફંડ એકત્રિત કરવાના હેતુથી ઇન્વેસ્ટર્સની પેનલને તેમની પ્રોડક્ટ્સ તથા સર્વિસીઝ રજૂ કરશે.

પોતાના પ્રારંભિક વક્તવ્યમાં શ્રી બંછા નિધી પાણીએ જણાવ્યું હતું કે "ભારત એક મોટી ટેક ક્રાંતિના આરે આવીને ઊભું છે અને એઆઈ તેમાં મહત્વની ભૂમિકા ભજવી રહ્યું છે. આપણે યુવાનો માટે વિપુલ પ્રમાણમાં તકો સાથે પહેલેથી જ વિશ્વની આઈટી રાજધાની છીએ. આઇહબ દ્વારા ગુજરાત સરકાર કાયદાકીય સલાહથી માંડીને માર્ગદર્શન સુધી ઉદ્યોગસાહસિકોને સપોર્ટ કરવા માટે તૈયાર છે. અમારું લક્ષ્ય છે કે આપણા યુવાનો ન કેવળ નોકરીઓ જ શોધે પરંતુ નોકરીઓ ઊભી કરે. વિકસિત ભારત 2047ને ધ્યાનમાં રાખીને અમે ભારતને પાંચ ટ્રિલિયન ડોલરની અર્થવ્યવસ્થા બનાવવા માટે પ્રતિબદ્ધ છીએ."

એમ્પ્રેસારિયો અંગે વાત કરતા ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લાએ જણાવ્યું હતું કે "અમે ઉદ્યોગસાહસિકતામાં એક દાયકા કરતાં વધુ સમયથી જોવાયેલા ઉછાળાથી રોમાંચિત છીએ જેને એમ્પ્રેસારિયો જેવી ઇવેન્ટ્સ દ્વારા વધારવામાં આવ્યો છે. માત્ર 10 વર્ષમાં જ સ્ટાર્ટઅપ્સની સંખ્યા 500થી 1 લાખ થઈ ચૂકી છે અને 50થી પણ ઓછા હતા તેવા ઇન્ક્યુબેશન સેન્ટર્સની સંખ્યા લગભગ 2,000 જેટલી થઈ છે. એમ્પ્રેસારિયો આપણા દેશના યુવાનો દ્વારા સંચાલિત નવીનતાની ઊજવણી કરે છે. એઆઈ અને મશીન લર્નિંગમાં ટેક્નોલોજીકલ સુધારા સ્ટાર્ટઅપ્સ અને એમએસએમઈને સશક્ત બનાવી રહ્યા છે. આગળ જતા અમે આ ઉદ્યોગસાહસિકતાની ભાવનાને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છીએ."

ચિરિપાલ ગ્રુપના ડિરેક્ટર શ્રી વિશાલ ચિરિપાલે જણાવ્યું હતું કે "ઉદ્યોગસાહસિકતાના કેન્દ્રમાં નિર્ભિકતા અને જોખમો લેવાની તત્પરતા રહેલી હોય છે. ભારતમાં સ્ટાર્ટઅપ્સ માત્ર બિઝનેસ જ નથી, તેઓ આર્થિક

વિકાસને આગળ ધપાવતા એન્જિન પણ છે. એક રોકાણકાર તરીકે હું જુસ્સો, હેતુ, આગળ વધવાની ક્ષમતા તથા બજારની સંભાવનાઓને પ્રાથમિકતા આપું છું. યુવાન ઉધોગસાહસિકો માટે રિસ્કેલિંગ, રોબોટિક્સ, ઈવી-શેપ્ડ સ્ટોરેજ અને સેમીકંડકટર્સ જેવા ક્ષેત્રો સફળતા માટે નોંધપાત્ર તકો પૂરી પાડે છે."

બે દિવસમાં હાજર રહેનાર કેટલાક જાણીતા વક્તાઓની યાદીમાં યુનિવિયાના શ્રી રવિ વરમોરા, એગ્રીઓન ફાર્મટેકના શ્રી મિહિર શાહ, બુલ એગ્રીટેકના શ્રી હિત દેસાઈ, એગ્રોકાસ્ટના ડો. હર્શ શાહ, એક્સિઓમના ડો. અભિષેકા ત્રિપાઠી, ડીડીએસ હેલ્થકેરના ડો. ધ્રુવ પટેલ, આઈઓટીએના શ્રી વૈભવ શિતોલે, અલ્ટીઆ એન્ટરપ્રાઇઝના ડો. કર્ણવ પટેલ, સંકેત ફાઉન્ડેશનના ડિરેકટર શ્રી કુલદીપ સાગરનો સમાવેશ થાય છે.

**About Entrepreneurship Development Institute of India (EDII)**

EDII Ahmedabad was set up in 1983 with the support of apex financial institutions – the IDBI Bank Ltd., IFCI Ltd., ICICI Bank Ltd. and State Bank of India (SBI). It is a National Resource Institute in the field of entrepreneurship education, research, policy advocacy, training, inclusive growth, startups & MSMEs training and institution-building. It has a global, as well as PAN India presence. EDII is ranked as Number 1 by Atal Ranking of Institutions on Innovation Achievements (ARIIA) – 2021 in General (Non-Technical) Category. The autonomous and not-for-profit institute, works towards building entrepreneurship, startups and fostering innovations across all sectors and sections of people. The 40-year old institute is recognised as a Centre of Excellence by the Ministry of Skill Development and 79% of its alumni are business owners. For more information visit: www.ediindia.org

**For more details, contact:**

Nirupam Banerjee, Adfactors PR: 9825984727
Hiral Oza, Adfactors PR: 7043901987